કારચાલક પર જીવલેણ હુમલાના બનાવ બાદ ૪૮ દબાણો પર તંત્રએ બુલડોઝર ફેરવ્યું

મહુધામાં હુમલા બાદ તંગદીલી, ચુસ્ત પોલીસ બંદોબસ્ત

મહુધામાં બે અલગ કોમ વચ્ચે માથાકૂટ થતાં તંગદિલીનો માહોલ સર્જાયો, પોલીસનો ચાંપતો બંદોબસ્ત ગોઠવાયો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૧

ખેડા જિલ્લાના મહુધા ચાર રસ્તા પાસે વાહન ઓવરટેક કરવાની નજીવી બાબતે રિક્ષા અને કારચાલક વચ્ચેની બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. અસામાજિક તત્વોએ કારચાલક યુવક પર લાકડાના ફટકાથી જીવલેણ હુમલો કરી દેતાં બે કોમ વચ્ચે તણાવ વ્યાપી ગયો હતો અને વાતાવરણ તંગ બની ગયું હતું. હુમલાખોરોને પકડી પાડવા હિન્દુ સંગઠનોના અલ્ટિમેટમ બાદ પોલીસ પ્રશાસને આકરું વલણ અપનાવી ગુનો નોંધીને ૪૮ જેટલા ગેરકાયદે દબાણોને જમીનદોસ્ત કરી દીધા છે.

૩૧ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ સાંજે આશરે ૬ વાગ્યાની આસપાસ મહુધા રેસ્ટ હાઉસ ચોકડી નજીક આ હિંસક ઘટના બની હતી. પોતાની વેગનઆર કાર લઈને જતા બલોલના યુવકને સીએનજી રિક્ષાચાલકે આંતરીને બોલાચાલી શરૂ કરી હતી. વાત વધતાં રિક્ષાચાલકે પોતાના સાગરીતોને સ્થળ પર બોલાવી લીધા હતા, જેમણે આવતાની સાથે જ કારચાલક પર લાકડાના દંડા અને હથિયારો વડે હુમલો કરી દીધો હતો. ઈજાગ્રસ્તને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ઘટના બે અલગ અલગ કોમના વ્યક્તિઓ વચ્ચે બની હોવાથી વિસ્તારમાં ભારે તણાવ ફેલાઈ ગયો હતો અને લોકોના ટોળાં ઉમટી પડ્યા હતા. મામલાની ગંભીરતાને પગલે જિલ્લા પોલીસ વડા અને ડીવાયએસપી સહિત ક્રાઈમ બ્રાન્ચની ટીમોએ તાબડતોબ સ્થળ પર પહોંચીને પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી. કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા પ્રશાસને કડક કાર્યવાહી શરૂ કરી હુમલાખોરો સામે વિધિવત ગુનો નોંધ્યો છે. આ સાથે જ અસામાજિક તત્વો સામે દાખલો બેસાડવા મહુધાના ફીનાવ ભાગોળ અને આસપાસના વિસ્તારમાં સરકારી જમીન પર ઉભા કરાયેલા 48 જેટલા કાચા-પાકા ગેરકાયદે દબાણો પર તંત્રનું બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું.

હુમલાખોર બાપ દીકરા સહિત ત્રણ સામે ગુનો દાખલ

મહુધા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા 2023ની કલમ 109, 352, 54 હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. હુમલો કરનાર કાળા શર્ટવાળો શખ્સ ઓવેશ શેખ અને પીળા શર્ટવાળો સાકીબ શેખ હોવાનું ઓળખાયું છે. જ્યારે રિક્ષાચાલક ઓવેશનો પિતા ખાલીદ શેખ હોવાનું પોલીસ ચોપડે નોંધાયું છે.

ફરિયાદી નડિયાદથી પરત ફરતા નજરે જોનારો સાક્ષી બન્યો

ફીણાવના રહેવાસી જીતેન્દ્રભાઈ પટેલ પોતાના ભાઈ પ્રથમેશ સાથે બાઈક પર નડિયાદથી ગાડી લઈને પરત ફરી રહ્યા હતા. મહુધા બસ સ્ટેશન પાસે પહોંચતા તેમણે રિક્ષાચાલકને કારચાલક સાથે ઝઘડતો જોયો હતો અને નજીક જઈને જોતા કારચાલક તેમના સંબંધી જીગ્નેશભાઈ પટેલ હોવાનું માલૂમ પડ્યું હતું. તેઓ બચાવવા જાય તે પહેલા જ હુમલો થઈ ગયો હતો.

વીડિયો ફૂટેજ પોલીસની તપાસમાં અત્યંત મહત્ત્વનો

હુમલાની આ ઘટના માત્ર મૌખિક રીતે જ નહીં પરંતુ ડિજિટલ પુરાવા સાથે પોલીસ સુધી પહોંચી છે. ફરિયાદીના ભાઈ પ્રથમેશે સમયસૂચકતા વાપરીને હુમલાખોરો લાકડાના દંડા લઈને ભાગી રહ્યા હતા તેનો વીડિયો પોતાના મોબાઈલ ફોનમાં ઉતારી લીધો હતો. આ વીડિયો ફૂટેજ પોલીસની તપાસમાં અત્યંત મહત્ત્વનો પુરાવો બની રહેશે.

આરોપીઓએ જાનથી મારી નાખવાના ઈરાદે હુમલો કર્યો

પોલીસ ફરિયાદમાં જણાવ્યા અનુસાર બે શખ્સો હાથમાં લાકડાના દંડા લઈને આવ્યા હતા અને બૂમ પાડી હતી કે આજે તો સાલાને પતાવી જ દેવાનો છે. ત્યારબાદ એક શખ્સે જીગ્નેશભાઈના માથામાં જોરથી દંડો મારતા તેમને જીવલેણ ઈજા પહોંચી હતી. લોહીલુહાણ હાલતમાં ઈજાગ્રસ્તને પહેલા મહુધાની વેદ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે નડિયાદ ખસેડાયા હતા.

કઠલાલ તાલુકાના પીઠાઈ વિદ્યામંદિરના શરાબી શિક્ષક સામે પોલીસ કાર્યવાહી

ડીઈઓની સરપ્રાઈઝ વિઝિટમાં ગણિતના શિક્ષક શરાબના નશામાં ધૂત હોવાનો ભાંડો ફૂટ્યો, પોલીસ બોલાવાઈ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૧

કઠલાલ તાલુકાની પીઠાઈ વિદ્યામંદિરમાં જિલ્લા શિક્ષણ અધિકારીની અચાનક મુલાકાત વેળાએ ધોરણ 10ના વર્ગશિક્ષક નશાની હાલતમાં ઝડપાઈ જતા શિક્ષણ જગતમાં ભારે ખળભળાટ મચી ગયો છે. અધિકારીએ શિક્ષકની શંકાસ્પદ હાલત જોઈને તાત્કાલિક પોલીસને જાણ કરી હતી જેને પગલે પોલીસે શિક્ષકને મેડિકલ તપાસ માટે હોસ્પિટલ ખસેડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જિલ્લા શિક્ષણ અધિકારીએ શિક્ષણકાર્યની વાસ્તવિક સ્થિતિ જાણવા માટે પીઠાઈ વિદ્યામંદિરમાં ઓચિંતી મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેઓ શાળાના વર્ગખંડોમાં ફરીને નિરીક્ષણ કરી રહ્યા હતા ત્યારે તેમની નજર ધોરણ 10ના વર્ગશિક્ષક અને ગણિત વિષયના શિક્ષક કમલેશ પટેલ પર પડી હતી. તપાસ દરમિયાન આ શિક્ષકની શારીરિક સ્થિતિ અને વર્તન અત્યંત અસામાન્ય લાગતા અધિકારી ચોંકી ઉઠ્યા હતા. શિક્ષક કમલેશ પટેલના ચહેરા પર અસામાન્ય સોજા જોવા મળ્યા હતા અને તેમની આંખો લાલચોળ હતી. સામાન્ય રીતે શિક્ષક જેવી ગરિમાપૂર્ણ વર્તણૂક હોવી જોઈએ તેના બદલે આ શિક્ષકના હાવભાવ શરાબના નશામાં ધૂત હોવાની ચાડી ખાતા હતા. શિક્ષણ અધિકારીને આ શિક્ષક નશામાં હોવાની પ્રબળ શંકા જતા તેમણે તુરંત જ શાળાના સંચાલકોને આ મામલે વાકેફ કર્યા હતા.

સમગ્ર ઘટનાની જાણ થતા શાળા સંકુલમાં ભારે દોડધામ મચી ગઈ હતી અને સંચાલકો પણ તાત્કાલિક દોડી આવ્યા હતા. શિક્ષણ જેવા પવિત્ર વ્યવસાયને લાંછન લગાડતી આ ઘટનામાં કોઈ શેહશરમ રાખ્યા વિના સીધી પોલીસને જ જાણ કરવામાં આવી હતી. ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે શંકાસ્પદ શિક્ષકનો કબજો મેળવીને તેમની મેડિકલ તપાસની તજવીજ હાથ ધરી છે.

મેડિકલ રિપોર્ટ પોઝિટિવ આવશે તો આકરા પગલાં

જિલ્લા શિક્ષણ અધિકારી કલ્પેશ રાવલે આ સમગ્ર કાંડ અંગે સ્પષ્ટતા કરી છે કે શૈક્ષણિક કામગીરીના નિરીક્ષણ વખતે શિક્ષકની હાલત શંકાસ્પદ લાગતા પોલીસને સોંપવામાં આવ્યા છે. જો આ શિક્ષકનો મેડિકલ રિપોર્ટ પોઝિટિવ આવશે તો તેમની સામે તાત્કાલિક અસરથી સસ્પેન્શન સુધીના કડક પગલાં ભરવામાં આવશે અને શિક્ષણ વિભાગ દ્વારા સઘન ખાતાકીય તપાસ પણ ચલાવવામાં આવશે.

સંસ્થા દ્વારા કોઈને છાવરવામાં નહીં આવે

પીઠેશ્વરી કેળવણી મંડળના પ્રમુખ નરેન્દ્ર પટેલે આ શરમજનક ઘટના અંગે ભારે નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે સ્પષ્ટ કર્યું છે કે શિક્ષણ ક્ષેત્રમાં નશાકારક પદાર્થોનું સેવન કોઈ પણ કાળે ચલાવી લેવાય નહીં. સંસ્થા આવા કોઈ પણ કૃત્યને જરાય પ્રોત્સાહન આપતી નથી અને પોલીસ તપાસનો રિપોર્ટ આવ્યા બાદ સંસ્થા પોતાના સ્તરેથી પણ આ શિક્ષક સામે આકરી કાર્યવાહી કરશે.

પેટલાદના રામનાથ મહાદેવ મંદિરે બરફના શિવલીંગ દર્શન

પેટલાદમાં 300 વર્ષ જુનું પૌરાણિક રામનાથ મહાદેવનું મંદિર પંથકના ભક્તજનો માટે ધાર્મિક અને આધ્યાત્મિક આસ્થાનું સ્થાન છે. આ મંદિરમાં વર્ષોથી શ્રાવણ મહિના દરમ્યાન દર સોમવારે ફુલ મંડળી તથા બરફના શિવલીંગનું આયોજન કરવામાં આવે છે. પ્રતિ વર્ષની પ્રણાલિકા મુજબ આજે શ્રાવણ માસના ત્રીજા સોમવારે બરફનું શિવલીંગ બનાવવામાં આવ્યું હતું. ઉપરાંત મંદિર પરિસરમાં ભગવાન રામજી તથા હનુમાનજીની આબેહુબ કૃતિ રજુ કરવામાં આવી હતી. જેના દર્શનાર્થે ભક્તોનો ધસારો જોવા મળ્યો હતો. - **વિનાયક આણંદજીવાલા**

તારાપુર પોલીસે મોડી રાત્રે છાપો માર્યો

ગોરાડ : ૧.૩૨ લાખની રોકડ સાથે ૬ જુગારીની ધરપકડ

જુગાર રમાડતો મુખ્ય સૂત્રધાર સહિત વડોદરા અને ખંભાતના જુગારીઓ જેલભેગા

(પ્રતિનિધિ) આણંદ, તા. ૧

તારાપુર પોલીસે નાઈટ પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે ગોરાડ ગામના વણકરવાસમાં ચાલતા એક મોટા જુગારધામ પર મોડી રાત્રે છાપો માર્યો હતો.

પોલીસ ટીમે પંચોને સાથે રાખી મિતેશકુમાર દેવજીભાઈ પરમારના રહેણાંક મકાનમાં દરોડો પાડતા મકાનની અંદર લાઈટના અજવાળે ગોળ કુંડાળું વળી પાના-પૈસા વડે હારજીતનો જુગાર રમતા ૬ શખ્સો રંગેહાથ ઝડપાઈ ગયા હતા. પોલીસ તપાસમાં ઘરમાલિક મિતેશ પરમાર બહારથી માણસો બોલાવી નાળ ઉઘરાવી જુગાર રમાડતો હોવાનું બહાર આવ્યું હતું.

પોલીસે સ્થળ પરથી જુગારીઓની અંગઝડતીમાંથી રોકડા રૂા. ૧,૧૯,૧૦૦/- તથા દાવ પરથી રૂ. ૧૩,૫૭૦/- મળી કુલ રૂા. ૧,૩૨,૬૭૦/- ની રોકડ રકમ, પત્તા-પાના અને પાથરણું કબજે કર્યા છે. પકડાયેલા આરોપીઓમાં મિતેશકુમાર પરમાર (ગોરાડ), દશરથભાઈ પરમાર (ગાયત્રી પાર્ક, વડોદરા) તેમજ પ્રકાશભાઈ પરમાર, કાંતીભાઈ પરમાર, માધવભાઈ પરમાર અને ભરતભાઈ પરમાર (તમામ રહે. પાંદડ, તા. ખંભાત) નો સમાવેશ થાય છે. તારાપુર પોલીસે તમામ વિરુદ્ધ જુગારધારા કલમ ૪ અને ૫ મુજબ કાર્યવાહી હાથ ધરી છે.

સરકારની નીતિઓથી કંટાળીને આંદોલનનો માર્ગ અપનાવ્યો

ખેડામાં આશા વર્કર બહેનોનું રણશિંગું પડતર પ્રશ્નો મામલે રેલીનું આયોજન

મોબાઈલ આપ્યા વિના ઓનલાઈન કામગીરીનો ફરજિયાત આદેશ પાછો ખેંચવા અને છ મહિનાના પડતર પગાર ચૂકવવા બહેનોની ઉગ્ર માંગ

(પ્રતિનિધિ) નડિયાદ તા. ૧

રાજ્યના ૧૮ હજાર ગામડાઓ અને શહેરી ગરીબ વસ્તીમાં છેવાડાના માનવી સુધી આરોગ્યની સેવા પહોંચાડતી આશરે ૪૦ હજાર જેટલી આશા વર્કર અને ફેસિલિટેટર બહેનોએ સરકારની નીતિઓથી કંટાળીને આંદોલનનો માર્ગ અપનાવ્યો છે. વિવિધ પડતર પ્રશ્નોના ઉકેલ માટે આગામી ૯મીના રોજ અમદાવાદ ખાતે ખેડા સહિત ૨૦ જિલ્લાની બહેનો એકત્ર થઈને વિશાળ રેલી યોજશે અને સરકાર સામે પડાવ નાંખશે. રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા તાજેતરમાં એક પરિપત્ર બહાર પાડીને તમામ આશા વર્કરો માટે ઓનલાઈન કામગીરી ફરજિયાત કરવામાં આવી છે. આશ્ચર્યની વાત એ છે કે સરકાર દ્વારા આ બહેનોને મોબાઈલ ફોન પૂરા પાડવામાં આવ્યા નથી છતાં કામગીરી ઓનલાઈન કરવા દબાણ કરાય છે. ગામડાઓમાં નેટવર્કની સમસ્યા વચ્ચે જો ઓનલાઈન એન્ટ્રી ન થાય તો કરેલા કામનું વળતર પણ કાપી લેવામાં આવે છે. આ ઉપરાંત, છેલ્લા ૬ મહિનાથી અનેક બહેનોના પગાર ચૂકવાયા ન હોવાથી તેઓ ભારે આર્થિક ભીંસનો સામનો કરી રહી છે.

કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૧૮ અને રાજ્ય સરકારે ૨૦૨૨ પછી મોંઘવારી ભથ્થા કે પગારમાં કોઈ જ વધારો કર્યો નથી. કોરોના કાળમાં જીવના જોખમે કામ કરનાર આ બહેનોને ૨૦ વર્ષની સેવા પછી પણ ફિક્સ પગારથી જ સંતોષ માનવો પડે છે અને તેમને લઘુત્તમ વેતન, પેન્શન કે પ્રોવિડન્ટ ફંડ જેવા કોઈ લાભ અપાતા નથી. બીજી તરફ કામનો બોજ સતત વધારવામાં આવી રહ્યો હોવાથી બહેનોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે.

લુણાવાડામાં બ્લેક ફિલ્મ રાખતા કાર ચાલકો દંડાયા

(પ્રતિનિધિ) લુણાવાડા, તા. ૧

જિલ્લામાં માર્ગ સલામતી જાળવવા અને ટ્રાફિક નિયમોનું ચુસ્તપણે પાલન થાય તે હેતુથી આજે મહીસાગર જિલ્લા પોલીસ સફીન હસન દ્વારા સમગ્ર વિસ્તારમાં એક વિશેષ અને અસરકારક ટ્રાફિક ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઝુંબેશ અંતર્ગત નિયમોનો ભંગ કરનારા વાહનચાલકો સામે કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જિલ્લા પોલીસ વડાની સૂચના અને માર્ગદર્શન હેઠળ હાથ ધરાયેલી આ ઝુંબેશમાં મુખ્યત્વે નીચે મુજબની કામગીરી કરવામાં આવી હતી

બ્લેક ફિલ્મ દૂર કરવામાં આવી : વાહનોના કાચ પર ગેરકાયદેસર રીતે લગાડેલી ડાર્ક/બ્લેક ફિલ્મ ધરાવતા વાહનોને રોકીને ઘટનાસ્થળે જ ફિલ્મ દૂર કરાવવામાં આવી હતી અને ચાલકો પાસેથી દંડ વસૂલવામાં આવ્યો હતો.

એચ.આર.પી.એસ. (HSRP) અથવા સ્પષ્ટ નંબર પ્લેટ વગર દોડતા વાહનો, તેમજ દોષિત/અસ્પષ્ટ લખાણ વાળી નંબર પ્લેટ ધરાવતા વાહનચાલકો સામે દંડાત્મક પગલાં લેવામાં આવ્યા હતા. જિલ્લાના તમામ મુખ્ય ચોકડીઓ, હાઈવે અને આંતરિક માર્ગો પર પોલીસ પોઈન્ટ ગોઠવીને શંકાસ્પદ વાહનોનું સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

આ ડ્રાઈવ દરમિયાન ટ્રાફિક નિયમોનો ભંગ કરનાર અનેક વાહનચાલકો પાસેથી સ્થળ પર જ દંડ વસૂલ કરવામાં આવ્યો હતો તેમજ કેટલાક ગંભીર કિસ્સાઓમાં વાહનો ડિટેઈન કરવાની કાર્યવાહી પણ કરવામાં આવી હતી.

મૃતદેહોના અભ્યાસ બાદ મેડિકલ કોલેજ નડિયાદ દ્વારા અગ્નિસંસ્કાર

૭ વર્ષમાં ૧૦૫૦ ભાવી તબીબો ઘડનારા 'મૌન દાતાઓ'ના અસ્થિઓનું કાશી ગંગાજીમાં વિસર્જન કરાશે

(પ્રતિનિધિ) નડિયાદ, તા. ૧

નડિયાદની ડો. એન. ડી. દેસાઈ ફેકલ્ટી ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રિસર્ચ ખાતે તબીબી અભ્યાસ અને સંશોધન માટે ઉપયોગમાં લેવાયેલા દેહદાનના મૃતદેહોનો અભ્યાસ પૂર્ણ થતાં, સંસ્થા દ્વારા તમામ દેહોને માનવતા અને ધાર્મિક પરંપરાના ઉત્કૃષ્ટ સમન્વય સાથે સન્માનભેર વિદાય આપવામાં આવી છે. વિદ્યાર્થીઓએ જેમને પોતાના 'પ્રથમ શિક્ષક' માન્યા હતા, તે પાર્થિવ દેહોના હિંદુ ધાર્મિક વિધિથી અગ્નિસંસ્કાર કરી કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવી હતી.

નડિયાદની મેડિકલ કોલેજ કેમ્પસમાં ૨૯મી ઓગસ્ટ ૨૦૨૬ના રોજ યોજાયેલા અત્યંત સંવેદનશીલ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને તબીબોએ ભેગા મળીને આ મૌન શિક્ષકોને ભાવભીની શ્રદ્ધાંજલિ આપી હતી. વર્ષ ૨૦૧૯થી ઓગસ્ટ ૨૦૨૬ સુધીના ગાળામાં આ દેહદાન થકી કુલ ૧૦૫૦ એમબીબીએસ વિદ્યાર્થીઓએ એનાટોમી અને માનવ શરીરની જટિલ રચનાઓનો પ્રત્યક્ષ અભ્યાસ કર્યો હતો.

સામાન્ય રીતે શૈક્ષણિક પ્રયોગો બાદ આવી અજોડ માનવીય સંવેદના દુર્લભ હોય છે. અગ્નિસંસ્કાર બાદ એકત્ર કરાયેલા આ પવિત્ર અસ્થિઓને નડિયાદના કુંભનાથ મહાદેવ સ્મશાન મારફતે પવિત્ર યાત્રાધામ કાશી ખાતે લઈ જઈને સન્માનપૂર્વક ગંગા નદીમાં વિસર્જન કરવામાં આવશે, જેથી આ પરોપકારી આત્માઓને મોક્ષ પ્રાપ્ત થાય..

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225